જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૭/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૯૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૯૨	૧૬	૧૧૬૦૮	૧૭૭૦૩	૧૬	૧૭૭૧૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૫	૦	૯૫	૩૪૦	૦	૩૪૦
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૨૧૫૩	૨૩૮	૬૨૩૯૧	૬૨૭૨૭	૨૪૫	૬૨૯૭૨
કુલ		૭૮૫૬૯	૨૫૪	૭૮૮૨૩	૮૭૦૩૪	૨૬૧	૮૭૨૯૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૫	૩,૨૩,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૪૮	૧૮,૪૮,૦૦૦/-

ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન

અનડીટેકટ મર્ડરના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી

સોલા હાઇકોર્ટ પોલીસ

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડૉ. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તા.૦૨/૦૭/૨૦૨૧ ના મોડી રાત્રીના સદભાવના સર્કલ પાસે પાવાપુરી બસસ્ટેન્ડ નજીક રીક્ષામા સુતેલ પુનમભાઇ ઉર્ફે લાલો ઇશ્વરભાઇ પટણી ઉ.વ.૩૮ રહે.સદર નાને મોઢાના તથા ગરદનના ભાગે તિક્ષ્ણ હથીયાર વડે ઘા મારી મર્ડર કરેલ હોય જે ગુનાનો ભેદ ઉકેલી આરોપી પકડી પાડવાની કામગીરી સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન રિસોર્સીસ ના આગવા સંકલનથી ગણતરીના કલાકોમાં સમગ્ર ગુનાનો ભેદ ઉકેલી આરોપીને પકડી ગુનામા વાપરેલ હથીયાર રીકવર કરવામા આવેલ છે.

આરોપી

ધવલ ઉર્ફે ડી.પી.કિંગ સ/ઓ પ્રહલાદભાઇ કાંતીભાઇ જાતે-રાવળ ઉ.વ-૨૦ ધંધો-છુટક ડ્રાઇવિંગ રહેવાસી- લક્ષ્મણગઢનો ટેકરો, પાવાપુરી બસ સ્ટેન્ડ પાછળ, ઘાટલોડીયા

મુદ્દામાલ: એક છરી કિ.રૂ. ૦૦/૦૦

ગુનો: સોલા હા.પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૫૨૧૧૧૮૯ ધી ઇ.પી.કો. કલમ-૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

- આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા હે.કો. કિશોરસિંહ લક્ષ્મણસિંહ તથા પો.કો. વાલજીભાઇ ભોપાભાઇ બ.નં-૧૫૨૧ તથા પો.કો. રઘુવિરભાઇ જગુભાઇ બ.નં-૧૩૧૪ તથા અન્ય સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી.

“એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા સ્કોડા ગાડી માંથી વિદેશી દારૂની બોટલો/ટીન બીયર નંગ- ૭૭૦ કિ.રૂ.૧,૦૧,૧૮૦/ સાથે કુલ્લે રૂપિયા ૩,૦૬,૫૮૦/- ના મુદામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સારુ આપેલ પ્રોહી. ડ્રાઈવ અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૪.૮.૨૦૨૧ ની રાત્રે સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ, અહેકો ધીરજકુમાર લક્ષ્મણભાઈ, અહેકો મનોજભાઈ વિઠલભાઈ, અહેકો દીપનારાયણ રાજનારાયણ, અહેકો મહેન્દ્ર વાસુદેવ વિગેરે માણસો શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો ધીરજકુમાર લક્ષ્મણભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ગાંધીનગર થી અમદાવાદ તરફ આવતા ઈન્દીરા બ્રીજના છેડે મધુસુદન યોગ નિકેતન ટ્રસ્ટની સામે ઉપર ઈલેકટ્રીક પોલ નંબર એસ.બી.આઈ.૬૦૩૫ નજીક જાહેરમા સ્કોડા ગાડી નંબર .GJ-18-AA-9109 ને પીછો કરી સદર ગાડીમાથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો/ટીન બીયર કુલ્લે નંગ ૭૭૦ કિંમત રૂ.૧,૦૧,૧૮૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૦૬,૫૮૦/- ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી એરપોર્ટ પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૪૬૨૧૦૭૨૬.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી)Ê ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વૉંટેડ આરોપીઓ:

(૧) શૈલેન્દ્ર ઈંદ્રમન જૈન (કોઠારી) રહે.ડુંગરપુર રાજસ્થાન (૨) ઉમેશ મારવાડી રહે.ડીસા, જી.બનાસકાંઠા

(૩) હરેશ મારવાડી રહે. ડીસા, જી.બનાસકાંઠા (૪) શશી મનસુખ છારા રહે.છરાનગર કુબેરનગર અમદાવાદ

ગુનાની જગ્યા : ગાંધીનગર થી અમદાવાદ તરફ આવતા ઈન્દીરા બ્રીજના છેડે મધુસુદન યોગ નિકેતન ટ્રસ્ટની સામે ઉપર ઈલેકટ્રીક પોલ નંબર એસ.બી.આઈ.૬૦૩૫ નજીક જાહેરમા

પકડાયેલ મુદામાલ :(૧) વિદેશી દારૂની બોટલ નંગ-૭૨૨ તથા ટીન બીયર નંગ ૪૮ મળી કુલ્લે નંગ ૭૭૦ કિંમત રૂ૧,૦૧,૧૮૦/-(૨) મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૫૦૦૦/ (૩)રોકડા નાણા ૪૦૦/ (૪) સ્કોડા ગાડી નંબર .GJ-18-AA-9109 કિ.રૂ.૨,૦૦,૦૦૦/ મળી કુલ કિંમત રૂ. ૩,૦૬,૫૮૦/- ની મત્તાનો મુદામાલ

પકડાયેલ આરોપીઓ :

(૧) વિજય ઉર્ફે વિજ્જુ સ.ઓ. સુરેશગીરી ગોસ્વામી રહે.બ્લોક નં.યુ, મ.ન.૧૦૬, પ્રથમ માળ, પંડિત દીન દયાલ આવાસ યોજના, વિવેકાનંદનગર, હાથીજણ, તા.દ્રસ્કોઈ, જી.અમદાવાદ

(૨) હાર્દીક સ.ઓ. ચન્દ્રકાંત પંડયા રહે.એ/૮ મ.ન.૪૦૪ સ્વામીનારાયણ ફલેટ હરીદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ

(૩) પરેશ ઉર્ફે ભોપો ઉર્ફે ઘેટીયો સ.ઓ. ડુગરભાઈ સુકાભાઈ રાઠોડ રહે.સંત રોહીદાસની ચાલી રાજાવીર સોસાયટીની સામે,ઠક્કરબાપાનગર, નરોડા અમદાવાદ



હથિયારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઇસમ ને રામપુરી ચપ્પા સાથે પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર રથયાત્રા ના પવિત્ર તહેવાર ને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૮/૪૫ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૯/૨૦ વાગે સરદાર ચોક શાક માર્કેટ ગોગા મહારાજ ના મંદિર પાસેથી પસાર થતા હતા અને તે દરમ્યાન શિવાજી ચોક કેનાલ બાજુથી એક એકટીવા જેવુ વાહન દુરથી આવતા જણાતા તેને રોકી તેની પાસે વાહન ચલાવવા બાબતેના આધાર પુરાવા માંગતા તેણે વાહન ના તમામ પુરાવા રજુ કરેલ પરંતુ સદરી ઇસમ ગભરાયેલો જણાયેલ અને તેના પેન્ટ ના ખિસ્સામાં ઉપસી આવેલ હોય અને ખિસ્સુ ભરેલુ લાગેલ અને કોઇ હથીયાર હોય તેવુ જણાતા તેની અંગજડતી કરતા તેના પેન્ટ ના ખિસ્સામાંથી એક રામપુરી ચપ્પુ મળી આવેલ જે પોતાના કબ્જામાં રાખવા બાબતે પૂછતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી અને કોઇ ગુન્હાહીત કાર્ય કરવા સારૂ રામપુરી ચપ્પુ પોતાના કબ્જામાં ગે.કા.રીતે સંતાડી રાખેલ હોય અને મે,પો.કમિ.શ્રી અમદાવાદ શહેર નાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી મુદ્દામાલ પંચનામાં વિગતે કિ.રૂ.૦૦/૦૦ ગણી કબ્જે કરી આરોપી ને તા.૦૩/૦૭/૨૦૨૧ ના ક.૨૦/૩૦ વાગે જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૦૪/૦૬/૨૦૨૧

મુદ્દામાલ :- **મજબુત લોખંડનુ** રામપુરી ચપ્પુ **કિ.રૂ.૦૦/૦૦ ગણી શકાય તે**

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા બીજા સ્ટાફના માણસો

આરોપીનુ નામ :- શિવમ સ/ઓ વશિષ્ટનારયણ બજરંગસિંહ જાતે રાજપૂત ઉ.વ.૨૧ ધંધો-ટ્રાવેલ્સ રહે-મ.નં-ડી/૭૨,વિભાગ-૧૦ પાશ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-સાંઇપુર જીલ્લો-બનારસ ઉત્તર પ્રદેશ




નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પો.સ્ટે ના છેલ્લા એકાદ વર્ષથી મારા મારીના તેમજ છેલ્લા ત્રણ મહિના થી પ્રોહીબીશન ના ગુન્હામાં નાસતા ફરતા આરોપી નાને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર રથયાત્રા ના પવિત્ર તહેવાર ને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી કપડાઓમાં ક.૧૬/૩૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૭/૨૫ વાગે મેવાડા પાર્ટી પ્લોટ આગળ જાહેર રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ નાઓને સંયુકત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ નામે રાહુલ પ્રયાગસિંહ ચૌહાણ કે જેણે શરીરે ક્રીમ કલરની ગોળ ગળાની ટી-શર્ટ તથા વાદળી કલરનો ચણો પહેરેલ છે તે ઇસમ અત્રેના પો.સ્ટે ના પાર્ટ સી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૩૨૦/૨૦૨૧ ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબના ગુન્હામાં છેલ્લા ત્રણેક મહિનાથી તથા કૃષ્ણનગર પો.સ્ટે ના પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૦૨૧૩૭/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૨૪,૩૨૩,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હાના કામે છેલ્લા દસેક મહિનાથી પોતાની અટક ટાળવા સારૂ નાસતો ફરે છે જે ઇસમ હાલમાં બાપા સિતારામ ચોક પહેલા અવની સ્ક્વેર કોમ્પ્લેક્ષ ની નીચે ઉભો છે " જે બાતમી હકિકત આધારે સદરી ઇસમ તપાસ સારૂ સાથેના સ્ટાફના માણસો તથા પંચો સાથે જઇ સદરી ઇસમ ને સદરી જગ્યાએથી પંચો રૂબરૂ પકડી પાડી કોરોના ની સારવાર કરાવ્યા બાદ રિપોર્ટ નેગેટીવ આવતા કૃષ્ણનગર પો.સ્ટે પાર્ટ સી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૩૨૦/૨૧ ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબના ગુન્હાના કામે તા.૦૩/૦૭ /૨૧ ના ક.૨૨/૫૦ વાગે અટક કરી કૃષ્ણનગર પો.સ્ટે ના પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૦૨૧૩૭/૨૦૨૦ ધી ઇપીકો.કલમ-૩૨૪,૩૨૩,૫૦૬(૨),૪૨૭,૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હાના કામે કૃષ્ણનગર પો.સ્ટે.ની તમામ પો.ચોકી તથા અમદાવાદ શહેર ના તમામ પો.સ્ટે તથા સ્ટેટ કંટ્રોલમાં મેઇલ કરી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૦૪/૦૭/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ દિનેશકુમાર જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા બીજા સ્ટાફના માણસો

આરોપીનું નામ :- રાહુલ સ/ઓ પ્રયાગસિંહ નવાબસિંહ જાતે ચૌહાણ ઉ.વ.૨૬ રહે,મ.નં-૨,રામેશ્વર બંગ્લોઝ બાપા સિતારામ ચોક પાસે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-ચક્કરનગર તા.ઇટાવા ઉત્તર પ્રદેશ



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર રથયાત્રા ના પવિત્ર તહેવાર ને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૦૩/૦૭/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૨૦/૩૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૨૦/૪૫ વાગે સૈજપુર ટાવર પાસે આવતા સાથેના **લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ તથા લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ** નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકીકત મળેલ કે " **સૈજપુર પ્રેમનગર સિંધી કોલોની મ.નં-ઇ/૨૮ નીચે આવેલ મકાન માં રૂમ ની અંદર મકાન ના કબ્જેદાર સંદિપ ઉર્ફે સન્ની હરગોવિંદભાઇ ઉદાસી(સિંધી) નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને પોતાના ઘરે જુગાર રમવા સારૂ બોલાવી ભેગા કરી પોત-પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા પ્રેમનગર સિંધી કોલોની ના મકાનોમાં થઇ મ.નં-ઇ/૨૮ માં રેઇડ કરી જુગાર રમતા છ આરોપીઓને જુગાર રમવાના સાધનો અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૧૩,૦૩૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૧,૬૦૦/-તથા નાળ ના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૫,૬૩૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૬ કુલ્લે કિ.રૂ.૫૯,૦૦૦/-તથા વાહન નંગ-૦૩ કુલ્લે કિ.રૂ.૮૦,૦૦૦/-સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૫૪,૬૩૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે તા.૦૩/૦૭/૨૦૨૧ ના ક.૨૩/૨૫ વાગે જુગાર ધારા કલમ-૪ ,૫ મુજબથી પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૦૪/૦૭/૨૦૨૧

મુદ્દામાલ :- **જુગાર રમવાના સાધનો અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૧૩,૦૩૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૧,૬૦૦/-તથા નાળ ના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૫,૬૩૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૬ કુલ્લે કિ.રૂ.૫૯,૦૦૦/-તથા વાહન નંગ-૦૩ કુલ્લે કિ.રૂ.૮૦,૦૦૦/-સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૫૪,૬૩૦/-નો મુદ્દામાલ**

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં- ૫૦૯ તથા લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.નં-૧૮૨ તથા બીજા સ્ટાફના માણસો

આરોપીઓના નામ :-

(૧) સંદિપ ઉર્ફે સન્ની સ/ઓ હરગોવિંદભાઇ જાતે ઉદાસી(સિંધી) ઉ.વ.૨૯ રહે-મ.નં-ઇ/૨૮,સિંધી કોલોની પ્રેમનગર સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર હાલ રહે,મ.નં-બી/૪૦૩,શ્યામસરણ એપાર્ટમેન્ટ નાના ચિલોડા નરોડા અમદાવાદ શહેર +૦૫=૦૬



તડીપાર આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અમદાવાદ શહેર તેમજ તેની નજીકના જીલ્લાઓમાંથી બે વર્ષ સુધી તડીપાર કરેલ આરોપીને અમદાવાદ શહેર માં પ્રવેશ કરતા પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રાના પવિત્ર તહેવાર ને લઇને પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી વાહનોમાં સવાર ક.૦૯/૦૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૦/૧૦ વાગે ઠક્કરનગર બજરંગ આશ્રમ પાસે આવતા સાથેના અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ નાઓને અંગત બાતમીદાર મારફતે બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ નામે આનંદ ઉર્ફે અશોક રાજેશભાઇ દંતાણી રહે,મ.નં-૧૦,રાજાવીર સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર નાનો કે જે છેલ્લા બે વર્ષથી તડીપાર કરેલ છે અને જે હાલ તેના ઘરે આવેલ અને ત્યાથી ચાલતો ચાલતો ઠક્કરનગર ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે આવી બેઠેલ છે " જે હકિકત આધારે સદરી ઇસમ ની તપાસ કરવા સારૂ તેમજ મળી આવેથી ખરાઇ કરી કાયદેસર ની કાર્યવાહી કરવા સારૂ સાથેના સ્ટાફના માણસો તથા પંચો સાથે સદરી જગ્યાએ જઇ રેઇડ કરી સદરી આરોપી આનંદભાઇ ઉર્ફે અશોક સ/ઓ રાજેશભાઇ ઉમેદભાઇ જાતે દંતાણી ઉ.વ.૨૬ રહે,મ.નં-૧૦,રાજાવીર સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર નાને ઠક્કરનગર ચાર રસ્તા બસ સ્ટેન્ડ ઉપર બેઠોલો હોય તેને જે તે સ્થીતીમાં પકડી પાડી સદરી આરોપી નાએ મહે-પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓના હુમક ક્રમાક-પી.સી.બી/૧૨૧/૨૦૧૭ તા,૦૭/૧૧/૨૦૧૭ ના તડીપાર હુકમથી પોલીસ કમિશ્નર શ્રી ની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર તથા તેની લગોલગ આવેલ અમદાવાદ ગ્રામ્ય ગાંધીનગર ખેડા મહેસાણા ખાતેના જીલ્લાઓમાં પ્રવેશ નહી કરવા અંગે તડીયાર કરેલ હોય જેની બજવણી તા.૧૯/૦૯/૨૦૧૯ ના રોજ કરી તેને છેલ્લા વર્ષ માટે તડીપાર કરેલ હોય તેમ છતા તેણે તા.૦૩/૦૭/૨૦૨૧ ક.૧૧/૩૦ વાગે અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતા પકડી પાડી જી.પી.એક્ટ ૧૪૨ મુજબ ની કાયદેસર ની કાર્યવાહી કરી વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે તા.૦૪/૦૭/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સના માણસો એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતીષકુમાર જયંતીભાઇ બ.ન.૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮

આરોપીનુ નામ સરનામુ:- આનંદભાઇ ઉર્ફે અશોક સ/ઓ રાજેશભાઇ ઉમેદભાઇ જાતે દંતાણી ઉ.વ.૨૬ રહે,મ.નં-૧૦,રાજાવીર સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

આરોપીનો ફોટો



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

ભરત ઉર્ફે બચ્ચન પરસરામ જાતે માને (મરાઠી) ઉ. વ. ૩૯ ધંધો.રી.ડ્રા. રહે.મ.નં.૧૪ ન્યુ કમલેશ પાર્ક સોસાયટી વિમલપાર્ક સોસાયટીની બાજુમા ઇન્ડીયન ઓક્ષીજન નામની કંપનીની સામે અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર મુળવતન ગામ-બનેરા તા.એવતમાળ જિ. વર્ધા મહારાષ્ટ્ર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ૨ નં સી/ ૧૧૧૯૧૦૩૭૨૧૦૭૪૮ /૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧), (બી), ૬૫(એ,ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૪૨૮/૨૦૨૧ તા. ૦૩/૦૭/૨૦૨૧ તથા બજવણી તા. ૦૩/૦૭/૨૦૨૧ ના કલાક ૨૧/૧૦ વાગે :- ભુજ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ શ્રી ડી.બી.પલાસ તથા એ.એસ.આઇ. અળખાભાઇ કરશનભાઇ બ.નં-૮૬૧૫ તથા અ.પો.કો.ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં.૧૦૧૯૫ તથા અ.પો.કો.વીવેકભાઇ નટવરભાઇ બ.નં. ૩૪૬૯



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન, ૨ સ્કુટર, ૨ રિક્ષા, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૨૦૦/૨૦૨૧**

કૃષ્ણનગરઃ કાનસિહ દેવીસિહ રાવલ (રહે. બીનોરી પાર્ક ડી.પી.એસ. સ્કુલની બાજુમાં બોપલ) એ તા.૦૧/૦૭/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગે કૃષ્ણનગર બજરંગ આશ્રમની બાજુમાં અંબીકા ફર્નિચર આગળ પોતાની ટેમ્પો ટ્રાવેલર્સ મીની બસ નંબર જીજે ૦૧ એફ.ટી ૩૦૬૭ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૨/૦૭/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ કાનસિંહ રાવલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૨૦૧/૨૦૨૧**

કૃષ્ણનગરઃ કૃષ્ણનગર હીરાવાડી બજરંગ આશ્રમની પાસે દેવી ફ્લેટ ખાતે રહેતા છગનભાઈ હીરાભાઈ પટણીનો પુત્ર સચિન (ઉ.વ.૧૦) તા.૩૦/૦૬/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકના ત્રીજા માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૭/૨૦૨૧ ના રોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેશંગભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૦૨/૨૦૨૧**

ઘાટલોડીયાઃ કનૈયાલાલ સવજીભાઇ સાલવી (રહે.બ્રહ્માણી વિજય કોલોની મહારાષ્ટ્ર બેંક પાસે ઘાટલોડીયા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૧ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગિરવતસિહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ મહેશભાઈ મણીલાલ રાઠોડ (ઉ.વ.૪૫) (રહે. જય અંબે એપાર્ટમેન્ટ સત્યમ સ્કૂલની બાજુમાં આદિશ્વર નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી